# <u>૩જા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટ, રાજકોટ</u>
# <u>(શ્રી બી.પી. ઠાકર સાહેબની કોર્ટ)</u>

**ફોજદારી કેસ નં. – ૧૪૮૨૮૧/૨૦૨૦**

**આંક :–**

**શ્રી સરકાર** ....... **ફરીયાદી**

**વિરૂધ્ધ**

**(૨) સીમાબેન રાચ્છ**
**(૩) સોનલબા ડાભી**
**(૪) જોશનાબેન છેલવડા**
**(૫) વંદનાબેન મજેઠીયા**
**(૬) તેજલબેન બાબરીયા**
**(૭) નીલેષભાઈ દાણીધારીયા**
**(૮) અલ્કાબેન પરમાર** ....... **આરોપીઓ**

**ચાર્જ :– ....જુ.ધારા... એકટની કલમ –: ....૪,૫....... મુજબ**

## <u>–:: ચુકાદો ::–</u>

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ – ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક – ...... .. મુજબ આરોપીઓની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક – ..... થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય –/ વિરૂધ્ધ /– નટવર હરચંદથી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી/ઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓન

આ પ્રથમ ગુન્હો છે. આરોપીઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંતોને ઘ્યાને લેતા આરોપી/ઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપી/ઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીઓને યોગ્ય રકમનો દંડ તથા ટી.આર.સી.ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુકમ ::—**

૧. આ કામના આરોપીઓને જુ.ધારા એકટની કલમ ....૪, ૫.....મુજબ સી.આર.પી.સી. કલમ — ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું અને સદર ગુના સબબ આરોપીઓ (૨) સીમાબેન રાચ્છ, (૩) સોનલબા ડાભી, (૪) જોશનાબેન છેલવડા, (૫) વંદનાબેન મજેઠીયા, (૬) તેજલબેન બાબરીયા, (૭) નીલેષભાઈ દાણીધારીયા તથા (૮) અલ્કાબેન પરમાર દરેકના રૂા. ૫૦૦/— લેખે કૂલ દંડ રૂા. ૩,૫૦૦/— (૫૦૦ x ૭ = ૩,૫૦૦/—) અંકે રૂપીયા ત્રણ હજાર પાંચસો પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. તથા ટી.આર.સી.ની સજા કરુ છું. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દીન : ૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૯, માહે — ડીસેમ્બર, સને — ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ — ૦૯ / ૧૨ / ૨૦૨૩

(બી.પી.ઠાકર)
૩જા અધિક સીવીલ જજ,
અને જે.એમ.એફ.સી.,
રાજકોટ